

* અહો ! આનંદનો દરિયો પોતાના અંતરમાં ઊછળે છે તેને તો જીવ દેખતો નથી ને તરણાં જેવા તુચ્છ વિકારને જ દેખે છે ! અરે જીવો ! અંતરમાં નજર કરીને આનંદના દરિયાને દેખો !...ચૈતન્યસમુદ્રમાં ડૂબકી મારો !

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવ

卐

કહાન સંવત-૧૩ □ (૫૮૯) ❋ આત્મધર્મ ❋ (અંક-૫ વર્ષ-૪૯) □ વીર સં. ૨૫૧૯ નવેમ્બર, ૧૯૯૨

1992

# ગુરુ–આજ્ઞા : સાધર્મીઓ પ્રત્યે અંતરમાં વાત્સલ્ય હોવું જોઈએ

卐

નિશ્ચયના ઉપાસક-જીવની વ્યવહાર શુદ્ધિ કેવી હોય તે બાબતમાં પૂજ્ય ગુરુદેવે એક વખત ખાસ ભાર પૂર્વક સમજાવ્યું હતું કે—જે જીવ નિશ્ચયની ઉપાસના કરવા કટિબદ્ધ થયો છે તેની પરિણતિમાં પહેલાં કરતાં વૈરાગ્યની ઘણી વૃદ્ધિ થતી જાય છે. તેને દોષોનો ભય હોય, અકષાયસ્વભાવને સાધવા તૈયાર થયો ત્યાં તેના કષાય શાંત થવા માંડે, તેની કોઈ પ્રવૃત્તિ કે આચરણ એવા ન હોય કે રાગાદિનું પોષણ કરે, પહેલાં રાગાદિની મંદતા હતી તેને બદલે હવે રાગાદિની તીવ્રતા થાય તો તો તે સ્વભાવને સાધવાની નજીક આવ્યો–એમ કઈ રીતે કહેવાય ? એકલું જ્ઞાન–જ્ઞાન કર્યા કરે પણ જ્ઞાનની સાથે રાગની મંદતા હોવી જોઈએ, ધર્માત્મા પ્રત્યે વિનય–બહુમાન–ભક્તિ–નમ્રતા–નરમાશ હોવા જોઈએ, બીજા સાધર્મીઓ પ્રત્યે અંતરમાં વાત્સલ્ય હોવું જોઈએ, વૈરાગ્ય હોવો જોઈએ, શાસ્ત્રાભ્યાસ વગેરેનો પ્રયત્ન હોવો જોઈએ...એમ ચારેકોરના બધાં પડખાથી પાત્રતા કેળવવી જોઈએ: તો જ જ્ઞાન યથાર્થ પરિણમે. ખરેખર, સાક્ષાત્ સમાગમની બલિહારી છે; સત્સંગમાં અને સંત ધર્માત્માની છત્રછાયમાં રહીને તેમના પવિત્ર જીવનને નજર સમક્ષ ધ્યેયરૂપે રાખીને, ચારે પડખેથી સર્વ પ્રકારે ઉદ્યમ કરી કરીને પોતાની પાત્રતાને પુષ્ટ કરવી જોઈએ. ખરેખર, આપણા સદ્ભાગ્ય છે કે સર્વ પડખાથી પાત્રતા કેળવીને આત્માની ઉપાસના કઈ રીતે કરવી તે પૂજ્ય ગુરુદેવ જેવા સંત સાક્ષાત્પણે હંમેશા સમજાવીને આપણા જીવનનું ઘડતર કરી ગયા છે. તેઓશ્રીનાં અમાપ ઉપકાર સંબંધમાં કાંઈ પણ કહેવા જતાં વાણી અટકી જાય છે. તેઓશ્રીએ બતાવેલાં માર્ગે ચાલીને તેઓશ્રીનાં ઉપકારને અતિ શીઘ્રતાથી સાર્થક કરીએ એ જ ભાવના...

કહાન
સંવત-૧૩
વર્ષ-૪૯
અંક-૫
[ ૫૮૯ ]

વીર
સંવત
૨૫૧૯
સં. ૨૦૪૯
NOV.
A.D. 1992




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં બારમા સમાધિદિન પ્રસંગે

## ૯૧ * ગુરુ-જ્ઞાન-સાગરનાં અણમૂલાં રત્નો * ૯૧

*

* વસ્તુ પરમાત્મસ્વરૂપ છે. આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ છે. પોતે જ પરમાત્મપણે બિરાજમાન છે. એવા વીતરાગી પરમાત્માનો છે—તેનો—આદર કર્યો, સ્વીકાર કર્યો ને આશ્રય કર્યો ત્યારે અનુભૂતિ થાય છે. તે એક જ કર્મથી છૂટવાનો ઉપાય છે. માટે હે જીવ! ટંકોત્કીર્ણ જ્ઞાયક એક શુદ્ધ સ્વભાવનો સ્વીકાર કર, એ જ કર્તવ્ય છે. ૧.

* વીતરાગીદેવ ફરમાવે છે કે તું પરમાત્મસ્વરૂપ જ છો એમ દૃષ્ટિ કર. પ્રભુ! સર્વજ્ઞદેવ કહે છે કે મારા સ્વભાવમાં ને તારા સ્વભાવમાં આંતરો—તફાવત છે જ નહીં. વ્યક્તરૂપે અમને જે દશા પ્રગટ થઈ છે તેવડો જ તું છો. પ્રભુ! મારા ને તારા સ્વભાવમાં કાંઈ ફેર નથી પણ તારા સામર્થ્યની તને ખબર નથી ભાઈ! ૨.

* નિઃસંદેહપણે તું આમ જાણ કે દેહમાં બિરાજમાન દેહથી ભિન્ન પરમાત્મા પોતે છે. રાગ દ્વેષ તો ભિન્ન છે, શરીર ભિન્ન છે, તે તો ક્યાંય રહ્યાં પણ પરમાત્માને જાણવાવાળી જે દશા છે તે નાશવાન છે, તેમાં અવિનાશી પ્રભુ વસ્યો નથી. આવો મહિમાવંત ત્રણ લોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ તને મળવા આવ્યો—પર્યાયમાં ભેટો કરવા આવ્યો છે

ત્યારે તેં રાગની સાથે ભેટો કરીને તેનો અનાદર કર્યો છે. ૩.

* સ્વભાવનું સામર્થ્ય તને નજરમાં આવ્યું નથી ને દરિદ્રપણું તને નજરમાં આવ્યું છે. શાસ્ત્રનું ગમે તેટલું જાણપણું કરવાથી પણ આત્માનું સુખ નહીં થાય. આત્મા કોણ છે તે જાણવાથી તને સુખ થશે, કારણ કે તેમાં સુખ છે. પરમાં સુખ નથી તેથી પરને જાણવાથી દુઃખ થશે, રાગથી તો દુઃખ થશે પણ પરના જાણવાથી પણ દુઃખ થશે. કેમ કે પર પ્રકાશકજ્ઞાન ક્યારે સાચું થયું કહેવાય?–કે સ્વપ્રકાશક જ્ઞાન પ્રગટે ત્યારે. સ્વપ્રકાશક વિનાના એકલા પરપ્રકાશક જ્ઞાનથી દુઃખ થશે. રાગ તો બંધનું કારણ છે પણ ધર્મી પરપ્રકાશક જ્ઞાનને પણ મોક્ષમાર્ગ માનતા નથી. ૪.

* આત્માધીન સુખ કેમ પ્રગટે?—કે આત્માને જાણવાથી પ્રગટે. પોતાને જાણવાનું છોડીને બહારના જાણપણામાં જાય છે ત્યાં દાહ થાય છે. પ્રભુ, તને જાણવાથી સુખ થશે, પરને જાણવાથી દુઃખ થશે. જેનું જ્ઞાન છે તેને જાણવાથી સુખ થશે. તારા જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે તેથી તારી પર્યાયમાં આત્મા ત્રિકાળી ભગવાન વસ્તુ જણાય છે, પણ ત્યાં જોતો નથી ને પરજ્ઞેય જણાય છે એમ જોવે છે માટે પર્યાયના ધર્મથી વિપરીત તે જાણ્યું એટલે તને આત્મા જણાતો નથી. ૫.

* જિનવર એમ કહે છે કે નિષ્ક્રિય ધ્રુવવસ્તુ આત્મા જેને કહીએ તે પર્યાયમાં કદી આવતો નથી, કેવળજ્ઞાનની પર્યાયપણે ધ્રુવ કદી ઊપજતો નથી, એ તો પર્યાય ઊપજે છે. પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, મરતો પણ નથી. સિદ્ધગતિની પર્યાયનો બીજે સમય વ્યય થાય છે તે ત્રિકાળી ધ્રુવમાં નથી. પર્યાયનું ઉત્પન્ન થવું ને પર્યાયનું વ્યય થવું તે ત્રિકાળી દ્રવ્યમાં નથી. સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ તેમાં પર્યાયપણે ઊપજવું કે પર્યાયપણે વ્યય થવું નથી. પર્યાયની અવસ્થાનો વ્યય થવો તે ધ્રુવ ચીજમાં નથી. ૬.

* તારી દશામાં, વર્તમાન જ્ઞાનમાં આ પરમાત્મા પૂર્ણ છે એમ નિઃસંદેહ જાણ. દેહદેવાલયમાં ભગવાન પરમાત્મા બિરાજમાન છે. પર્યાયમાં અપૂર્ણતા છે પણ વસ્તુ પરિપૂર્ણ છે તેમ જાણ! એમ જાણનારી પર્યાય

પણ કેવડી?–કે આવા ત્રિકાળી પરિપૂર્ણ પરમાત્માને જાણી લ્યે. વસ્તુ પર્યાયમાં ન આવે પણ વસ્તુ જેવી ને જેવડી છે તેનું પૂર્ણ જ્ઞાન પર્યાયમાં થાય. તું પૂર્ણ સ્વરૂપ છો, કેવળજ્ઞાન પ્રકાશથી પ્રગટરૂપ આત્મા છો, તેને નિઃસંદેહપણે પરમાત્મા જાણ. અંદરમાં પરિપૂર્ણની દૃષ્ટિ થવી તેને સમ્યગ્દર્શન કહે છે. વસ્તુ જેવી છે તેવી યથાર્થ પ્રતીતિ થવી તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. ૭.

* પરમાત્મસ્વરૂપ છે તે બંધ ને મોક્ષના પરિણામને કરતું નથી એમ કોણ કહે છે?–કે અનંત તીર્થંકરો એમ ફરમાવે છે કે ત્રિકાળી ભગવાન પ્રભુ બંધ ને મોક્ષના પરિણામ અને બંધ–મોક્ષના કારણને કરતો નથી. એ તો સદશ એકરૂપ ધ્રુવ વસ્તુ છે અને ઉત્પાદ્–વ્યય તો વિસદશ છે. ઉત્પાદ્ ભાવ અને વ્યય અભાવ, એ ભાવ–અભાવ વસ્તુમાં ક્યાં છે?—એ તો એકરૂપ ત્રિકાળી ભાવ છે અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. ૮.

* દ્રવ્યે તો બધા આત્મા સાધર્મી છે અને પર્યાયમાં ફેર હોય તોય કોઈ જીવો પ્રતિ દ્વેષ ન હોય. કહ્યું છે ને કે જગતમાં ચૈતન્યદ્રવ્ય ઉપાદેય છે. બધા આત્માઓને ઉપાદેય કહ્યાં, પછી પંચ-પરમેષ્ઠી ભગવંતોને ઉપાદેય કહ્યાં, પછી અરિહંત તથા સિદ્ધ ભગવંતોને ઉપાદેય કહ્યાં, છેવટે કહ્યું કે પોતાનો નિજ–શુદ્ધાત્મા એ જ ઉપાદેય છે. ૯.

* ભાઈ! તું શરીર-વાણી-મન ને રાગને ભૂલી જા, તે તારામાં નથી. અરે! તારી નિર્મળ પર્યાયને પ્રગટ થવામાં દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, પૂર્વ પર્યાયના વ્યયની અપેક્ષા નથી ત્યાં વ્યવહારથી થાય એ વાત ક્યાં રહી? પર્યાયનું આવું સ્વતંત્ર સામર્થ્ય છે. પર્યાય સ્વતંત્ર જ થાય છે એમ નક્કી કરતાં તેનું લક્ષ ક્યાં જાય?—કે દ્રવ્ય તરફ જ લક્ષ જાય અને તેનું નામ જ પુરુષાર્થ છે. દ્રવ્ય તરફ લક્ષ જતાં જ્ઞાનમાં દ્રવ્યનું જ્ઞાન આવે પણ દ્રવ્ય આવતું નથી. સત્‌નો જેને નિર્ણય થાય તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ જાય. આ જ કરવાનું છે, બાકી બધું તો ધૂળ-ધાણી છે. ૧૦.

* તું પરમાત્માસ્વરૂપ છો માટે જાણવા–દેખવાનું જ તારું સ્વરૂપ છે. સર્વજ્ઞસર્વદર્શી સ્વભાવવાળો છો, પણ તેને ન જોતાં રાગને જાણવામાં

અટકયો છો તેથી સર્વને જાણનાર એવા તને જાણતો નથી. રાગમાં રોકાયો છો—બંધમાં અટકયો છો, માટે સર્વને સર્વપ્રકારે જાણનાર એવા પોતાને જાણતો નથી. સર્વને જાણતો નથી એમ નથી કહ્યું પરંતુ સર્વને જાણનાર એવા પોતાને જાણતો નથી તેમ કહ્યું છે. ૧૧.

* જેમ સિદ્ધલોકમાં સિદ્ધ પરમાત્મા બિરાજમાન છે તેમ આ દેહ-દેવાલયમાં નિજ પરમાત્મા બિરાજમાન છે અને તે જ ઉપાદેય છે. 'પરનું કરું કરું'–એ આડે દેહદેવાલયમાં બિરાજમાન પરમાત્મા પોતે પોતાને ભાસતો નથી, દેખાતો નથી. વાસ્તવિક રીતે દેખે તો અશુચિમય દેહદેવાલયમાં બિરાજમાન દેહથી ભિન્ન મહા પવિત્ર પ્રભુ પોતે છે. દેહ તો વેદનાની મૂર્તિ છે, ભગવાન આત્મા દેહની પેઠે અશુચિ નથી. દેહ તો હાડકાં, માંસ, લોહી, વીર્યની કોથળી છે. ૧૨.

* જ્ઞાનની પર્યાયમાં સ્વજ્ઞેય જણાય છે પણ તેના તરફ તેં દષ્ટિ કરી નથી, ત્યાં દષ્ટિ કરીને તને જાણ તો તને સુખ થશે. પર તરફના વલણવાળા જ્ઞાનથી દુઃખ થશે કેમ કે તે પરના લક્ષે થાય છે. સ્વપ્રકાશક જ્ઞાન થયા પછી જ્ઞાન પરને જાણે તો તે દુઃખરૂપ નથી, કેમ કે એ તો પોતાની પર્યાય છે તે પરના લીધે પરપ્રકાશક નથી. જેને સ્વસત્તાનું અવલંબન આવ્યું છે તેને પરપ્રકાશકજ્ઞાન એ પોતાના જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે એમ જાણે છે તેથી તેને તે દુઃખરૂપ નથી. ૧૩.

* નિશ્ચયદષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે, જિનવર ને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય, એ બધું તો પર્યાયમાં છે, વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા! કેટલી વિશાળ દષ્ટિ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબૂલાતને રોકનારા માન્યતારૂપી ગઢના પાર ન મળે! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ છે કે જિનવર સમાન આત્માને દષ્ટિમાં લેવો કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે. ૧૪.

* વીતરાગભાવસ્વરૂપ આત્મા છે તે વીતરાગભાવથી પ્રાપ્ત થાય છે; સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યેના પ્રેમનો પણ તેમાં અવકાશ નથી. બહારનું બધું ભૂલી જા. શરીર–વાણી–મનને ભૂલી જા, રાગને ભૂલી જા, એક સમયની પર્યાયને પણ ભૂલી જા. આકાશના અનંતા પ્રદેશ કરતાં પણ અનંતગુણા ગુણો આત્મામાં છે અને એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે, અને એક એક ગુણની પર્યાયમાં ષટ્કારકો છે—આવો ભગવાન આત્મા છે, ત્રણ લોકનો નાથ છે, પણ કોડી કોડી માટે ભીખારો થઈને ફરે છે. ૧૫.

* શુભરાગ છે તે મારી ચીજ છે એવો અનાદિથી અભ્યાસ થઇ ગયો છે. આત્મા કરનારો ને શુભરાગ તેનું કર્મ એવી અજ્ઞાનથી કર્તા-કર્મની પ્રવૃત્તિ છે. પોતાના સ્વરૂપને જાણતા નથી એવા અજ્ઞાનીજીવો રાગ સાથે એકતાબુદ્ધિ કરીને 'રાગ મારું કર્તવ્ય છે'—એવી અજ્ઞાનપણે કર્તાકર્મની પ્રવૃત્તિ કરી રહ્યાં છે. રાગ સાથે એકત્વપણું માન્યું છે પણ જ્ઞાયક પ્રભુ એકરૂપ થયો નથી. રાગની એકતાબુદ્ધિ એ અજ્ઞાનનો અભ્યાસ છે ને રાગથી ભિન્ન પડીને જ્ઞાયકનો અભ્યાસ તે ધર્મનો અભ્યાસ છે— જ્ઞાનનો અભ્યાસ છે. ૧૬.

* વસ્તુ અતીન્દ્રિય છે તેથી અતીન્દ્રિય સુખના સ્વાદથી જણાય તેવી છે. પરમાનંદ પરિણતિ દ્વારા અમૂર્ત જ્ઞાનમય વસ્તુને જાણ. રાગ તો વિષનો સ્વાદ છે, તેનાથી અતીન્દ્રિય સ્વરૂપ કેમ જણાય ? ભગવાન ઇન્દ્રિયથી જણાય તેવો નથી, અતીન્દ્રિય છે એટલે કે અતીન્દ્રિય પરિણતિથી જણાય તેવો છે. આબાળ–ગોપાળ સૌને જણાય તેવો છે. પર્યાયનું લક્ષ છોડી દે. સૌ આત્માઓ આત્માપણે સાધર્મી જ છે, કોઈ વિરોધી નથી એવો સ્વભાવ જાણે તેને વેર-વિરોધ કેમ હોય? દ્રવ્યનો સ્વભાવ જ વીતરાગભાવ છે. ૧૭.

* ભગવાન જ્ઞાનસ્વરૂપ છે તે પોતાને જાણે છે ને રાગાદિને સ્પર્શ્યા વિના રાગાદિના જ્ઞાનને પ્રકાશે છે—એમ પોતાની સ્વ-પરપ્રકાશકરૂપ દ્વિરૂપતાને પ્રકાશે છે, રાગાદિને પ્રકાશતા નથી. તોપણ આત્મા અને રાગની એકસાથે ઊપજવારૂપ અત્યંત નિકટતાને લીધે અનાદિથી અજ્ઞાનીને તેઓ વચ્ચે ભેદ નહીં દેખાવાથી આત્મા અને રાગમાં એકપણાનો ભ્રમ

થઈ રહ્યો છે અને તે ભ્રમ આત્મા અને બંધના નિયત સ્વલક્ષણો જાણીને પ્રજ્ઞા વડે જરૂર છેદી શકાય છે. ૧૮.

* જ્ઞાનની વર્તમાન પર્યાયમાં અખંડ–એક–પ્રતિભાસમય વસ્તુ છે તે જણાય છે, ભલે મતિશ્રુતજ્ઞાન હો પણ તેમાં અખંડ–એક–પ્રતિભાસમય આત્મા પ્રત્યક્ષ જણાય છે. પ્રત્યક્ષ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ વસ્તુ છે તે પર્યાયમાં પ્રત્યક્ષ જણાય જાય છે. એવો જે આત્મા છે તે અવિનશ્વર છે–કોઈ દી નાશ થતો નથી. પર્યાય છે તે બદલે છે પણ વસ્તુ છે તે ત્રિકાળ નિજાનંદ ધ્રુવ વસ્તુ છે. શુદ્ધ–પારિણામિક પરમભાવ જેનું લક્ષણ છે, ત્રિકાળી શુદ્ધ સ્વભાવભાવ જેનું લક્ષણ છે, એવું નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું–એમ ધ્યાતા પુરુષ ધ્યાવે છે. ઉઘડેલી પર્યાય તે હું છું એમ નહીં પણ ઉઘડેલી પર્યાય એમ કહે છે કે આ ત્રિકાળી દ્રવ્ય તે હું છું. સમ્યગ્દર્શનની ઉઘડેલી પર્યાય છે તે એમ કહે છે કે આ ત્રિકાળી છે તે હું છું, પરન્તુ ક્ષયોપશમજ્ઞાન પ્રગટ્યું છે તે હું છું એમ ધ્યાતા પુરુષ ધ્યાવતો નથી. સમ્યગ્દર્શન ને આનંદ સહિત જ્ઞાનની પર્યાય પ્રગટેલી છે તેનું ધ્યાતા પુરુષ ધ્યાન નથી કરતો; હું ખંડજ્ઞાનરૂપ છું એમ સમ્યગ્દષ્ટિ નથી ધ્યાવતો, પણ પ્રત્યક્ષ પ્રતિભાસમય નિજપરમાત્મદ્રવ્ય હું છું—એમ જ્ઞાની પુરુષ ધ્યાવે છે. ૧૯.

* હું અભેદ છું, નિર્વિકલ્પ છું એમ સમ્યગ્દષ્ટિ પોતાના આત્માને જાણે છે અને એ રીતે બધા જીવોને જાણે છે. નિગોદના જીવો પણ ભગવાન આત્મા છે એમ સમ્યગ્દષ્ટિ જોવે છે. મન–વચન–કાયાથી કરવું, કરાવવું ને એમ અનુમોદવું કે હું જેવો છું તેવા જ બધા જીવો પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન છે. સમ્યગ્દષ્ટિ જીવ બધા જીવને એવી રીતે જોવે છે. સૂક્ષ્મ નિગોદનાં જીવનું જે દ્રવ્ય છે તે શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ છે એમ સમ્યગ્દષ્ટિ જોવે છે. ૨૦.

* શ્રી જયસેનાચાર્ય કહે છે કે ધવલાદિ સિદ્ધાંતમાં ક્યાંક કહ્યું છે કે ત્રિકાળી ધ્રુવવસ્તુ ઉત્પાદ્‌-વ્યય વિનાની નિષ્ક્રિય છે, તેમાં મોક્ષના માર્ગની કે બંધમાર્ગની ક્રિયાઓ નથી. દ્રવ્ય છે તે અક્રિય છે. ઉત્પાદ્‌-વ્યય-ધ્રુવ

યુક્તમ્ સત્ વસ્તુમાં ઉત્પાદ્-વ્યય વિનાની જે ધ્રુવવસ્તુ છે તે અક્રિય છે, તેથી કોઈ પરિણમન, બદલવું કે મોક્ષમાર્ગની ક્રિયા તેમાં નથી. જે વસ્તુ છે તે નિષ્ક્રિય છે, અક્રિય છે અને જે નિશ્ચય મોક્ષમાર્ગ છે તે ક્રિયા છે. જે ધ્રુવ વસ્તુ છે તેના ઉપર દષ્ટિ નાખતાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રરૂપ, વીતરાગી પરિણમન છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, અને એ નિશ્ચય મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે. ૨૧.

* બાપુ ! તું ભગવાન છો ને ! તારા ભગવાનની આ વાત થાય છે. તારા હિતની આ વાત છે. આત્મામાં રાગને લાવવો તે તને નુકશાન છે, તું ભગવાન સ્વરૂપ આત્મા છો, તને રાગથી લાભ થાય તેમ માનવું —કહેવું તે નુકશાન છે. પ્રભુ ! જ્ઞાની તો રાગને ઉપયોગભૂમિમાં લાવતો નથી. નિશ્ચય અને વ્યવહાર સાથે હોવા છતાં જ્ઞાની વ્યવહારને ઉપયોગભૂમિમાં લાવતો નથી. ધર્માત્મા ધ્યાનમાં જાય અને તે કાળે જે રાગ બાકી છે તેને તે ઉપયોગભૂમિમાં લાવતો નથી; કરતો તો નથી પણ લાવતોય નથી. ધર્માત્માને અને વ્યવહારને સંબંધ નથી. આ તો વીતરાગી વાણીના અમૃત ઝરણા છે. ૨૨.

* પૂર્ણ સ્વભાવ, આત્મસ્વભાવ કેવો છે ?—કે જેવો સર્વજ્ઞને વ્યક્ત થયો છે તેવો જ છે. એવા સૂત સ્વભાવને દૃષ્ટિમાં લ્યે ત્યારે ધર્મની શરૂઆત થાય છે. સંસાર અવસ્થામાં પણ શક્તિરૂપે પરમાત્મા બિરાજમાન છે. તારે જે પરમ સત્‌ની દૃષ્ટિ કરવી છે તે તારા અંતરમાં બિરાજમાન છે. ભાઈ ! તારે સમ્યક્ દેખવું હોય તો ભગવાન સ્વરૂપ તું છો તેનો સ્વીકાર કર. મિથ્યાત્વ—રાગ-દ્વેષના કાળે પણ જેવું એનું વાસ્તવિકસ્વરૂપ છે તે રીતે જોઈએ તો શક્તિરૂપે પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. જેમ લીંડીપીપરની વર્તમાન દશામાં તીખાશ થોડી છે ને રંગે કાળી છે છતાં શક્તિ અપેક્ષાએ તો પૂર્ણ તીખાશ ને લીલાશ ભરી પડી છે તેમ ભગવાન આત્મા પરમાત્મ-સ્વરૂપે બિરાજમાન છે પણ તેને અછતો કરીને એક સમયની રાગાદિ પર્યાયને છતી માની રહ્યો છે. બહારમાં અજ્ઞાનાદિ છે પણ અંદરમાં શક્તિરૂપે તો પરમાત્મપણે બિરાજી રહ્યો છે. આ તો દશા પલટવાની વાત છે, જે દશા દયા-દાન આદિમાં પડી છે તે દશાને અંતરમાં પલટવાની

વાત છે. હું પંડિત છું, હું મનુષ્ય છું ઇત્યાદિ માન્યતાએ એને રોકી રાખ્યો છે, તે માન્યતા તેને અંદર જવા દેતી નથી. અરેરે ! એને—અજ્ઞાનીને પુણ્યના ફળની કિંમત છે પણ પોતાના પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપની કિંમત નથી. ૨૩.

* પ્રત્યેક આત્મા પરમાત્મસ્વરૂપ જ છે એમ કહીને દ્રવ્યબુદ્ધિ કરાવીને પર્યાયબુદ્ધિ છોડાવે છે. દરેક આત્મા એટલે કે અનંત કાળે પણ સિદ્ધ નહીં થનાર અભવ્ય અને ભવ્ય બધા આત્મા પરમાત્મસ્વરૂપ જ છે. વસ્તુસ્વભાવ જ એવો છે, કેવળજ્ઞાન જ નિજ સ્વભાવ છે. એમ કહીને કહે છે કે આખી દુનિયાને એક બાજુ રાખીને, રાગને પણ એક બાજુ રાખીને તથા જેની અસ્તિ છે એવી એક સમયની પ્રગટ અવસ્થાની પણ રુચિ છોડી દે, એ બધું છે પણ એને ઓળંગી જઈને ત્રિકાળી જ્ઞાન-સ્વભાવની રુચિ કર. ૨૪.

* ભગવાન આત્મા પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય એવી ચીજ છે પણ જે ચીજ જણાય છે તે જાણનારી પર્યાયથી કંથચિત્ ભિન્ન છે. કેમ કે જો અભિન્ન હોય તો તે પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો પણ નાશ થઈ જાય. મોક્ષના કારણરૂપ મોક્ષમાર્ગની પર્યાય એમ અહીં કહ્યું છે પણ ખરેખર તો મોક્ષની પર્યાય છે તે મોક્ષના કારણભૂત મોક્ષમાર્ગથી પ્રગટતી નથી, કારણ કે તે સમયની મોક્ષની પર્યાય ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર ઉત્પન્ન થાય છે, પૂર્વની મોક્ષમાર્ગની પયોયની બળજોરીથી ઉત્પન્ન થાય છે તેમ નથી. પરન્તુ અહીં તો ( શ્રી જયસેનાચાર્ય, સમયસાર–ટીકા ગાથા ૩૨૦માં ) પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે તે વાત સમજાવવી છે તેથી મોક્ષનું કારણ ત્રિકાળી દ્રવ્ય નથી પણ મોક્ષમાર્ગની પર્યાય છે તેમ કહ્યું છે. મોક્ષમાર્ગની પર્યાય અને વસ્તુ અભિન્ન હોય તો વસ્તુ જ ન રહે, શુદ્ધ પારિણમિકભાવનો પણ નાશ થાય, પણ એમ તો બનતું નથી. કેમ કે સતપણું છે તે કયાં જાય ? અર્થાત્ શુદ્ધપારિણામિકભાવ તો અવિનશ્વર હોવાથી તેનો નાશ થતો નથી અને પર્યાય નાશ થઈ જાય છે તેથી શુદ્ધ પર્યાયથી દ્રવ્ય કથંચિત્ ભિન્ન છે. ૨૫.

* ભગવાન પૂર્ણાનંદનો નાથ કે જેનું લક્ષ કરતાં, રાગની અપેક્ષા વિના નિરપેક્ષપણે સ્વતંત્રપણે ષટ્કારકથી પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. અરે! રાગાદિ વિકાર કે મિથ્યાત્વના પરિણામ થાય છે એ પણ ષટ્કારકના પરિણામથી સ્વતંત્રપણે થાય છે. મિથ્યાત્વભાવ થાય છે તેમાં કર્મના કારકોની અપેક્ષા નથી. મિથ્યાત્વનું પરિણમન ષટ્કારકના પરિણમન વડે સ્વતંત્રપણે થાય છે. મિથ્યાત્વભાવ છે તે વિકારીભાવ છે, તે પણ પોતાના ષટ્કારકોથી થાય છે, તેને કર્મની કે નિમિત્તની અપેક્ષા નથી. જ્યારે વિકારની પર્યાયને પણ—કે જે આત્માનો સ્વભાવ નથી, તેમ જ કોઈ એવી શક્તિ નથી કે વિકારને કરે છતાં પણ—સ્વતંત્રપણે પોતાના એક સમયના ષટ્કારકથી થાય છે, તો પછી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચય મોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય છે તે પોતે એક સમયના ષટ્કારકથી પરિણમન થઈને જ ઉત્પન્ન થાય. જે નિશ્ચય મોક્ષમાર્ગને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની પણ અપેક્ષા નથી તે વ્યવહાર રત્નત્રયના રાગથી થાય એમ કેમ બને? ૨૬.

* તારો સ્વભાવ પરમાનંદ સ્વરૂપ જ છે, ધ્રુવ સત્ છે પણ રાગના પ્રેમમાં પરમાનંદ સ્વરૂપને ઠોકર લાગે છે. દયા-દાનના રાગની કિંમત કરતાં ચૈતન્યને ઠોકર લાગે છે, માટે રાગની કિંમત છોડીને ચૈતન્યની કિંમત કર! હવે એકવાર તારી આ ચીજનો આદર કર! ૧૧ અંગનું જ્ઞાન થાય તે પણ તારી વસ્તુ નથી તો બહારની કઈ ચીજ તારી હોય? તારી પર્યાયમાં તેં પરની કિંમત કરી પણ પર્યાય જેની છે તેની કિંમત તેં કરી નથી. ૨૭.

* અપૂર્ણતા ને અલ્પજ્ઞતાની માન્યતા હતી તેને હવે પૂર્ણ છું, શુદ્ધ છું એમ નિર્વિકલ્પપણે સ્વીકાર! જ્ઞાન–દર્શન આદિ અનંત શક્તિઓનો સમૂહ છે. ક્ષેત્ર ભલે થોડું હોય પણ સંખ્યાએ અને સ્વભાવે અપરિમિત ને અનંત છે. અનંત બેહદ જ્ઞાન ને પરમ આનંદ સ્વભાવી તું છો માટે બહારના ભભકાને તું ભૂલી જા! વ્રત-તપ આદિના વિકલ્પને તું ભૂલી જા અને અલ્પજ્ઞતાને પણ તું ભૂલી જા. અરે! ચાર જ્ઞાન પ્રગટ થયા હોય તોપણ તેને ભૂલી જા ને દૃષ્ટિ ત્રિકાળી ઉપર રાખ. ૨૮.

* મોક્ષનો માર્ગ પ્રગટયો તે પર્યાયને દ્રવ્યની પણ અપેક્ષા નથી અને વ્યવહારના કારકોની પણ અપેક્ષા નથી, એ તો ષટ્કારકના પરિણમનથી સ્વતંત્રપણે ઉત્પન્ન થઈ છે. સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું કારણ પર્યાય, પર્યાયનું સાધન પર્યાય—એવી જે સમ્યગ્દર્શનની પર્યાય છે તે પણ ત્રિકાળ પરમ સ્વભાવભાવથી ભિન્ન છે. કેમ કે જે મોક્ષમાર્ગની પર્યાય છે તે જ્યારે મોક્ષ થાય છે ત્યારે નાશ પામે છે અને એ પર્યાય તથા ત્રિકાળી દ્રવ્ય જો અભિન્ન હોય તો પર્યાયનો નાશ થતાં પારિણામિક દ્રવ્યનો પણ નાશ થાય, પણ ધ્રુવનો કદી નાશ થતો નથી. ૨૯.

* ભગવાન! તું પરમાત્મસ્વરૂપ જ છે એમ કેવળી કહે છે. એ કેવળી પ્રગટરૂપે પરમાત્મા કેમ થયા?—કે પરમાત્મસ્વરૂપ પોતે છે એમ સમ્યગ્દષ્ટિ કરી તેમાં ઠરીને પ્રગટપણે પરમાત્મા થયા છે. પરમાત્મસ્વરૂપ પોતે છે તેમ સમ્યગ્દષ્ટિ કરીને સ્વરૂપમાં ઠરતાં વિકાર આદિ અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી અને કેવળજ્ઞાનાદિ ઉત્પન્ન થાય છે, માટે તું પણ પરમાત્મસ્વરૂપ છો તેમ દષ્ટિમાં લે. ૩૦.

* ભાઈ! શરીરના સંસર્ગ અને પરથી ઉત્પન્ન થતો વિકલ્પ એને તું ભૂલી જા, અનંત જ્ઞાન આદિ અનંત શક્તિઓ રાગને અડતી નથી પણ એક સમયની પર્યાયને પણ અડતી નથી એવો અનંત જ્ઞાનમય અને પરમ આનંદ સ્વભાવી તું છો, તેનો દષ્ટિમાં સ્વીકાર કર. પાંચ-ઇન્દ્રિય તરફનો પ્રેમ છે તે આનંદને ગાળી નાખે છે ને શાન્તિને દઝાડે છે. ૩૧.

* જ્ઞેય-જ્ઞાન ને જ્ઞાતા એવા નામભેદ હું છું પણ વસ્તુમાં ભેદ નથી. અહીં સ્વતંત્રતાની—પરિપૂર્ણતાની પરાકાષ્ઠા બતાવી છે. જીવ પોતે જ્ઞેય, પોતે જ જ્ઞાન ને પોતે જ્ઞાતા એવો વચનભેદ છે, કથનમાં ભેદ છે પણ વસ્તુમાં તો આવા ત્રણ ભેદ પણ નથી. પર મારું ને હું તેનો એ તો નથી, પર જ્ઞેય ને હું જ્ઞાયક એમ પણ નથી પરંતુ હું જ્ઞેય ને હું જ્ઞાયક એવો ભેદ પણ નથી. વસ્તુમાં જ્ઞેય–જ્ઞાયક ને જ્ઞાતા એવા ત્રણ ભેદ છે જ નહીં, દષ્ટિમાં ત્રણ ભેદ જ નથી. ૩૨.

* જ્ઞાનનું ને રાગાદિનું એક સાથે ઊપજવું થાય છે તે ચેત્યચેતક ભાવની એટલે કે જ્ઞેયજ્ઞાયકભાવની અતિ નિકટતાને લીધે જ થાય છે, પરંતુ તેઓ એકદ્રવ્યપણે છે માટે થાય છે એમ નથી. દીપક દ્વારા પ્રકાશવામાં આવતાં ઘટ-પટાદિ દીપકને જ પ્રકાશે છે એટલે કે ઘટ-પટાદિ દીવાના પ્રકાશને જ જાહેર કરે છે. દીવો પોતાની પર્યાયને પ્રકાશે છે અને ઘટ-પટાદિને પ્રકાશે છે પણ ઘટ-પટાદિરૂપ થતો નથી એટલે કે દીવો પોતાની દ્વિરૂપતાના પ્રકાશને પ્રગટ કરે છે, તે પોતાની સ્વ અને પરને પ્રકાશવાની શક્તિને પ્રકાશે છે પણ ઘટ-પટાદિરૂપે થતો નથી કે ઘટ-પટાદિ તેમાં આવતા નથી. તેમ આત્મા વડે જાણવામાં આવતાં રાગાદિ ભાવો ચેતકપણાને જ પ્રકાશે છે, રાગાદિને પ્રકાશતા નથી. જ્ઞાનમાં જણાતા રાગાદિ ભાવો જ્ઞાનની સ્વ-પર પ્રકાશકરૂપ દ્વિરૂપતાને જાહેર કરે છે પણ રાગાદિ આત્મામાં આવતા નથી કે આત્મા રાગાદિરૂપે થતો નથી. ૩૩.

* આત્મા જાણનસ્વરૂપનો પિંડ છે, જ્ઞાનસ્વરૂપનો પિંડ છે એ જ્ઞાન શરીરને તો ન કરે, વાણીને તો ન કરે, પણ અંદરમાં હિંસા-અહિંસા આદિના જે વિકારી ભાવ થાય તેને પણ જ્ઞાન કરે કે વેદે નહીં. જ્ઞાનસ્વરૂપ ભગવાન દયા-દાન આદિના પરિણામને કરે નહીં, કેમ કે વિકાર છે તે દુઃખરૂપ છે ને ભગવાન આનંદસ્વરૂપ છે; આનંદસ્વરૂપી ભગવાન દુઃખને કેમ રચે? બાપુ! તારો સ્વભાવ જાણવા–દેખવાનો છે તેથી તે રાગ થાય તેને જાણે–દેખે પણ કરે નહીં, કરે તે આત્મા નહીં. ૩૪.

* ભગવાનની વાણીમાં—જિનવચનમાં આત્મા જ ઉપાદેય કહ્યો છે એટલે શું—કે જિનવચનમાં વીતરાગતાનું પ્રયોજન છે ને વીતરાગતા આત્માના લક્ષે જ પ્રગટે છે માટે આત્મા જ ઉપાદેય છે તેમ કહ્યું છે. જિનવચનમાં આત્મા ઉપાદેય કેમ કહ્યો?—કે નિશ્ચય છે તે સ્વનો આશ્રય લ્યે છે ને વ્યવહાર છે તે પરનો આશ્રય લ્યે છે અને પરનો આશ્રય છે તે હેય છે, તો ઉપાદેય કોણ?—કે સ્વનો આશ્રય તે ઉપાદેય. માટે જિનવચનમાં આત્મા ઉપાદેય કહ્યો છે. પર તરફના લક્ષવાળો વ્યવહાર ભાવ છે તે હેય છે અને બે નયમાં વિરોધ છે તેથી નિશ્ચય–શુદ્ધ આત્મા ઉપાદેય છે તેમ જિનવચનમાં કહ્યું છે. ૩૫.

* જાણવાલાયક પણ હું, જાણનાર પણ હું ને અનંત શક્તિરૂપ જ્ઞાતા પણ હું છું, ત્રણે થઈને વસ્તુ તો એક છે. પરનો કર્તા તો ક્યાંય રહ્યો, પણ પરનો જાણનાર પણ નથી. પોતે જ જ્ઞેય છે, પોતે જ જ્ઞાન છે ને પોતે જ જ્ઞાતા છે. વિષય-કષાયના પરિણામ તે પરજ્ઞેય છે ને આત્મા જ્ઞાતા છે એમ પણ નથી. ૩૬.

* મુખ્ય વાત તો એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી વસ્તુ તરીકે તો પર્યાયથી રહિત છે છતાં પર્યાયાર્થિકનયથી તેનું જે પરિણમન છે તે ક્રમસર થાય છે, આઘી પાછી થતી નથી; તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો! —કે ક્રમસર થશે એવો નિર્ણય ક્યારે થાય?–પર્યાયમાં રહીને પર્યાયનો નિર્ણય ન થાય, જ્ઞાયકસ્વભાવના લક્ષે ક્રમબદ્ધનો નિર્ણય થાય અને તે જ પુરુષાર્થ છે. જે પર્યાય થવાની હશે તે થશે તેનો નિર્ણય કોણે કર્યો?–કે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો જેણે નિર્ણય કર્યો છે તેને 'જે થવાનું હશે તે થશે' એવો સાચો નિર્ણય આવે છે. ૩૭.

* જ્ઞાન જ્ઞેયને જાણે કે આ શરીર છે ઇત્યાદિ, છતાં તે જ્ઞેયો આત્માને જ્ઞાન કરાવે છે તેમ નથી. જ્ઞાનમાં ઘડો જણાયો ત્યાં ખરેખર ઘડો નથી જણાયો પણ ઘડાસંબંધી પોતાના જ્ઞાનને જાણે છે, છતાં તે જ્ઞાનને ઘડાએ કર્યું નથી. જ્ઞાનની પર્યાયનો કર્તા જ્ઞાન એટલે કે આત્મા છે, પરદ્રવ્યોનું–જ્ઞેયોનું તે કાર્ય નથી. ભગવાનની દિવ્યધ્વનિ કાને પડી તેથી તે શબ્દોથી તેવું જ્ઞાન થયું એમ નથી. ખરેખર તો ભગવાનની વાણીમાં દિવ્યધ્વનિ છૂટે છે છતાં પૂછનારે જે પૂછ્યું તેનું જ તેને જ્ઞાન થયું પણ તે જ્ઞાન વાણીના કારણે થયું નથી. દિવ્યધ્વનિની ઉપસ્થિતિ હતી, નિમિત્ત હતું, નિમિત્ત નથી તેમ નથી, પણ નિમિત્ત છે તે પરમાં કાંઈ કરતું નથી. વાણી નિમિત્ત હોવા છતાં વાણીથી જ્ઞાન થયું છે તેમ નથી. ભગવાનના દર્શન થતાં આ ભગવાન છે એમ જ્ઞાન થવા છતાં ભગવાનને લઈને આ ભગવાન છે એમ જ્ઞાન થયું છે એમ નથી. ૩૮.

* આત્મા વસ્તુ પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયથી છે, નવી નવી પર્યાય થવી તે તેનું સ્વરૂપ છે, પણ તે નિમિત્તથી થઈ છે એમ નથી. હું ત્રિકાળી આનંદસ્વરૂપ છું—એવું જ્ઞાન ન હતું ને એવો શબ્દ સાંભળીને જ્ઞાન

થયું, તો કહે છે કે તે પર્યાયનો તે કાળ હોવાથી તે પ્રકારે તે જ્ઞાન થયું છે. વસ્તુસ્થિતિ ખરેખર એ જ રીતે છે. એક પરમાણુ બીજા પરમાણુને પલટાવી ન શકે. એક પરમાણુ જીવની પર્યાયને પલટાવી ન શકે. કુંભાર છે તે ઘડાને કરે છે એમ નથી, કેમ કે કુંભાર છે તે ઘડાની બહાર લોટે છે, ઘડાને સ્પર્શ્યો જ નથી તો કરે શી રીતે ? ખરેખર તો રાગને કરવાની પણ જીવમાં શક્તિ નથી કેમ કે રાગને કરે એવી કોઈ શક્તિ તેમાં નથી. જો એક વસ્તુ બીજી વસ્તુને પરિણમાવી શકે તેમ હોત તો વસ્તુનું વસ્તુપણું જ ન રહે. ૩૯.

* અહીં તો પરથી પોતાને સંકેલી લેવાની વાત છે. છ-દ્રવ્યો છે તે જ્ઞેય છે એમ નથી, કેમ કે છ દ્રવ્યોને લઈને તેને જાણવાની પર્યાય થઈ નથી પણ પોતાના જ્ઞાનથી જ્ઞાનની પર્યાય થઈ છે માટે જ્ઞાનની પર્યાય જ્ઞેય છે પરંતુ છ-દ્રવ્યો જ્ઞેય નથી. ૪૦.

* ચક્ષુના દૃષ્ટાંતની જેમ જ્ઞાન એટલે કે આત્મા શરીરને, વાણીને કે શુભાશુભ ભાવને દેખે છે પણ પુણ્ય-પાપના જે ભાવ થાય તેને જ્ઞાન કરતું નથી કે વેદતું નથી. ગણધરો ને ઇન્દ્રોની સભામાં પ્રભુ આમ કહેતા હતા. ત્રિલોકનાથ પરમેશ્વરદેવની આ વાણી છે, મહાવિદેહની આવેલી આ વાણી છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ ત્યાં ગયા હતા ને ત્યાંથી આવીને આ શાસ્ત્રની રચના કરી છે અને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે તેની ટીકા કરી છે. ભગવાન કહે છે કે ભગવાન તું તો જ્ઞાનસ્વરૂપ છો ને પ્રભુ! તું તો રાગને દેખનારો છો પણ કર્તા-ભોક્તા નથી. જો જ્ઞાન રાગને કરે તો તે આત્મા રહેતો નથી, તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. ૪૧.

* મુદ્દાની વાત એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવ હોવા છતાં તેમાં જે પર્યાય થાય છે તે ક્રમસર થાય છે. રાગની અવસ્થા હો કે સમકિતની અવસ્થા હો, પણ તે ક્રમસર થાય છે. જેમ ત્રિકાળી વસ્તુ એકરૂપ છે તેમ પર્યાયનું રૂપ ક્રમસર છે, જે સમયે જે પર્યાય થવાની તે ક્રમસર થવાની એવું તેનું રૂપ છે. જડમાં પણ જે સમયે જે પર્યાય થવાની તે થવાની અને તે ક્રમસર જ થવાની. આત્મામાં અજ્ઞાનપણે જે

પર્યાય ક્રમસર થાય તેનો અજ્ઞાની કર્તા થાય છે, ધર્મીને જે ક્રમસર રાગાદિ આવે છે તેનો તે કર્તા ન થતાં જ્ઞાતા જ રહે છે. ૪૨.

* અહીં કહે છે કે જ્ઞેયજ્ઞાયકસંબંધી બહુ ભ્રાન્તિ ચાલે છે. આત્મા જ્ઞાયક છે ને છ-દ્રવ્યો જ્ઞેય છે એમ નથી. જ્ઞેય-જ્ઞાયકનો વ્યવહારસંબંધ પણ અહીં (કળશટીકા કળશ ૨૭૧) છોડાવે છે. જાણનસ્વભાવવાળો જ્ઞાયક આત્મા અને છ-દ્રવ્યો, અનંતા કેવળીઓ જ્ઞેય છે એમ નથી. આત્મા જ્ઞાયક છે અને વ્યવહારરત્નત્રયનો રાગ તે જ્ઞેય છે એમ નથી. શરીરમાં રોગ આવ્યો કે શરીર-પુત્ર આદિ જ્ઞેય ને આત્મા જ્ઞાયક છે એમ નથી. છ-દ્રવ્યો જાણવાલાયક પ્રમેય છે અને આત્મા જાણનાર પ્રમાણ છે એમ નથી. ૪૪.

* જેમ માળામાં મણકા જે સ્થાને છે તે સ્થાને જ છે, આગળ-પાછળ થઈ જાય તો માળા એકરૂપ અખંડ નથી રહેતી, તેમ જે સમયે જે જન્મક્ષણે જે ક્રમબદ્ધ પર્યાય થવાની તે જ થવાની, બીજા સમયની પર્યાય પહેલાં થાય ને પહેલાં સમયની પર્યાય પછી થાય એમ છે જ નહીં. જે સમયે જે પર્યાય થવાની છે તેને કાળલબ્ધિ કહેવામાં આવે છે. પ્રવચનસારમાં તેને જન્મક્ષણ કહે છે તથા પ્રવચનસારની ૯૯મી ગાથામાં પોતપોતાના અવસરે પર્યાય થાય છે એમ પાઠ છે. સર્વજ્ઞ ભગવાન પણ પોતાની ક્રમસર જે પર્યાય થવાની તેના કર્તા નથી, જાણનાર છે. ૪૫.

* ભગવાન! એક ક્ષણ પણ તને તારો વિચાર નથી! તું એક ક્ષણમાત્ર પણ તારું સ્મરણ કરતો નથી ને ધંધાદિમાં કાળ ગુમાવી રહ્યો છે. મહા દુર્લભ એવો આ માનવ ભવ મળ્યો છે છતાં જો અત્યારે આર્ત ને રૌદ્ર ધ્યાનમાં લીન રહ્યો થકો તારા આત્માની દરકાર કરતો નથી તો કયા ભવે તારા આત્માને સંસાર સમુદ્રમાંથી ઉગારીશ? અનંત ભવ ટાળવા માટેનો આ ભવ છે, ભવના અભાવ માટેનો આ ભવ છે—એમ જાણીને હે જીવ! તું તારા આત્માનું ચિંતવન કર. ૪૬.

* દરિયામાં ઊંડે જાય એને મોતી મળે તેમ આત્માની પર્યાય ઊંડે પોતાના દ્રવ્ય ઉપર જાય એને પોતાનો ભગવાન મળે છે. ભાઈ! તારી ચીજ છે તે મુક્ત સ્વરૂપ જ છે, અબદ્ધ-સ્પૃષ્ટ સ્વરૂપ છે. જે જીવ

આવા અબદ્ધ-સ્પૃષ્ટરૂપ પોતાના આત્માને દેખે છે તેણે સમસ્ત જિનશાસનને દેખી લીધું છે, જાણી લીધું છે. રાગ તે જિનશાસન નથી. વીતરાગ ભાવ તે જિનશાસન છે. વીતરાગ ભાવ વડે જેણે આત્માને જોયો તેણે સમસ્ત જિનશાસનને જાણી લીધું. આ રીતે સર્વત્ર રાગથી ભિન્નતાની જ વાત સિદ્ધ થાય છે. ૪૭.

* ખરેખર તો મોક્ષની પર્યાય પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થઈ છે. વિકારી પર્યાય પણ પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે, કેમ કે દ્રવ્ય-ગુણમાં વિકાર નથી છતાં પર્યાયમાં વિકાર થાય છે તે પર્યાય પોતાની સ્વતંત્રતા જાહેર કરે છે અને તે સ્વતંત્રતાની જાહેરાતનું તાત્પર્ય વીતરાગતા છે, અને તે વીતરાગતા, દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે થાય છે. સમ્યગ્દર્શનની પર્યાયનો તે કાળે જન્મક્ષણ છે, તે પોતાના ષટ્કારકથી થાય છે, તેને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. આજે ભગવાન મહાવીર મોક્ષ પધાર્યા ત્યારે મોક્ષ પર્યાયનો ઉત્પત્તિનો કાળ હતો, તેને મોક્ષમાર્ગને લઈને થઈ તેમ કહેવું તે વ્યવહાર છે. કેમ કે મોક્ષમાર્ગનો વ્યય થાય છે, વ્યય તે કારણ કેમ હોય? ઉત્પાદનું કારણ ઉત્પાદ પોતે છે. ૪૮.

* જીવને જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય અને જે પર્યાય થાય તેનો તે ઉત્પત્તિનો કાળ છે, તે જન્મક્ષણ છે, તે કાળલબ્ધિ છે. જે પર્યાય થાય તેને વ્યયની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી ને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી, પર્યાયના ષટ્કારકો વડે તે પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. તેથી તારી જે સમયે જે પર્યાય થાય, બાપુ! તેનો તું કર્તા કેમ થાય છે? એક પછી એક ક્રમે અને નિશ્ચયથી જે પર્યાય થવાની હોય તે જ થાય. એક સમયે જે પર્યાય થવાની હોય તે થાય, બીજે સમયે જે પર્યાય થવાની હોય તે થાય, એમ અનાદિ અનંત ક્રમસર નિશ્ચિતપણે થાય. ૪૯.

* ક્રમબદ્ધ સિદ્ધ કરવાનો હેતુ અકર્તાપણું બતાવવું છે. એક તત્ત્વના પરિણામ બીજું તત્ત્વ કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. જે સમયે જે દ્રવ્યની જે ક્રમબદ્ધપર્યાય થાય છે તેનો કર્તા અન્ય દ્રવ્ય નથી એમ કહીને સિદ્ધ એમ કરવું છે કે જીવ છે તે રાગનો કર્તા નથી, જીવ તો જ્ઞાન-શ્રદ્ધા-આનંદનું કાર્ય કરે છે. ૫૦.

* પોતે આત્મા સિવાય જેટલી વસ્તુઓ છે તેમાં જે એકત્વબુદ્ધિનો અધ્યવસાય છે તેને છોડ. જગતના બધા રજકણો, આત્માઓ અને રાગમાં એકત્વબુદ્ધિ છે તે અધ્યવસાન છે, તેને જિનવરદેવે છોડાવ્યો છે. ત્રણલોકના નાથ જિનવરદેવ એમ કહે છે કે તારા આત્મા સિવાય જે કોઈ ભિન્ન ચીજ છે તે સર્વની એકત્વબુદ્ધિનો અધ્યવસાય છોડ. ૫૧.

* હું બીજાને સુખી–દુઃખી કરી શકું, મારી શકું, જિવાડી શકું ઇત્યાદિ પરવસ્તુ પ્રત્યેની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ તેને ભગવાને છોડાવ્યો છે. પોતાના આત્મા સિવાય જગતમાં જેટલી અન્ય વસ્તુ છે તેનાથી મને લાભ થશે કે હું તેનું કરી શકું કે તેઓ મારું કરી શકે—એવો એકત્વબુદ્ધિનો જે મિથ્યાત્વભાવ તે સંસારનું મહાબીજ છે, તેથી તેને જિનેશ્વરદેવે ત્યાગવા યોગ્ય કહ્યો છે. ૫૨.

* એકરૂપ જ્ઞાયકભાવ છે તેને આત્મા કહીયે. જ્ઞાની એક જ્ઞાયકસ્વભાવ હોવાથી અનેક દ્રવ્યો જેનો સ્વભાવ છે એવા કર્તા-ભોક્તાપણાના રાગનો જ્ઞાનીને નિષેધ છે. સંસારસંબંધી કે શરીરસંબંધી એટલે કે કર્તા-ભોક્તાપણાના રાગાદિકનો જ્ઞાનીને પ્રેમ નથી. જેને આત્મા રુચ્યો છે તેને તે ભાવ રુચતો નથી. બીજી રીતે કહીયે તો જ્ઞાયકભાવમાં રાગાદિનો અભાવ છે, નહીં તો જ્ઞાયકભાવ જડ થઈ જાય, કેમ કે રાગાદિ અચેતન છે. રાગાદિના અભાવસ્વરૂપ જ્ઞાયકભાવને જ્ઞાનીએ દૃષ્ટિમાં લીધો હોવાથી જ્ઞાયકભાવમાં જેનો અભાવ છે એવા રાગાદિનો જ્ઞાનીને રાગ હોતો નથી. જ્ઞાયકભાવને જેણે દૃષ્ટિમાં લીધો છે એવા જ્ઞાનીને રાગાદિનો નિષેધ છે. ૫૩.

* ભગવાન આત્મા પોતે રાગથી ભિન્ન થઈને પોતાને અનુભવવા સમર્થ થયો તેથી પોતાને જાણતાં સમસ્ત પરદ્રવ્યનો જાણનાર થઈને શોભી રહ્યો છે. પરદ્રવ્યની સત્તાનો જાણનશીલ છે, પરદ્રવ્યની સત્તા તેં કરી નથી, તેમાં ફેરફાર થાય તેનો કર્તા તું નથી પણ જાણનાર તું છે. અવધિજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન પણ જેમ છે તેમ જાણે છે, કોઈને કરતું નથી. બીજાના સુખ-દુઃખને જાણવાના સ્વભાવવાળો છે, નિગોદના અનંત જીવોને પણ જાણવાના સ્વભાવવાળો છે પણ તેની દયા પાળવાના સ્વભાવવાળો નથી—એવું જ તેનું સ્વરૂપ છે. ૫૪.

* ભગવાન આત્મા જ્યારે આત્મજ્ઞાન પામે છે ત્યારે સકળ જગતનો જાણનહાર છે પોતાના સિવાય જે અનંતા જીવો, અનંતા સિદ્ધો ને અનંતા પરમાણુઓ છે. તેનો સાક્ષી રહે છે. ચક્રવર્તીના રાજ્ય હોય તોપણ ધર્મી તો તેનો જાણનશીલ રહે છે અને તે તેની શોભા છે. જ્ઞાનીને રાગ આવે છે, જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી રાગ આવે છે પણ જ્ઞાની તેનો જાણનશીલ છે, તેનો કર્તા નથી અને તે તેની શોભા છે. ૫૫.

* હું રાગમય છું તેમ માને છે તેથી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ છું એમ તે માને છે. બીજાને પોતાનું માનતાં જીવની પરિણતિ બગડે છે. દયા-દાન-ભક્તિ-પૂજાનો શુભ રાગ ભલે હો, પણ તેમાં એકતા બુદ્ધિ છે તે આસ્રવનું કારણ છે અને તેનાથી ભેદ પાડવો તે સંવરનું કારણ છે. ૫૬.

* આત્મામાં પુણ્ય-પાપ આદિ રાગ-દ્વેષ ભાવ થાય છે તે પોતાના અપરાધથી થાય છે પણ કર્મનો ઉદય કરાવે છે એમ શંકા ન કરવી. ક્રોધ, માન, માયા, લોભ આદિ ઉત્પન્ન થાય છે એ પરદ્રવ્ય ઊપજાવે છે એમ શંકા ન કરવી. અહીં સ્ત્રી-પુત્ર આદિ પરદ્રવ્યની તો વાત પણ નથી પરંતુ અંદરમાં જે કર્મો છે તે આત્માને બળજોરીથી રાગ-દ્વેષ કરાવે છે એમ શંકા ન કરવી, આત્મા પોતાના દોષથી રાગ-દ્વેષ કરે છે. ૫૭.

* પ્રચુર આનંદના વેદનમાં ઝુલતાં સંતો કહે છે કે જ્યારે જિનેશ્વરદેવે બધાંય અધ્યવસાન છોડાવ્યા છે ત્યારે અમે એમ માનીયે છીએ—એમ સમજીએ છીએ કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે. દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાના રાગના પરિણામમાં પરનો સંબંધ છે, સ્વનો સંબંધ નથી. જે તારામાં નથી અને તેં તારા માન્યા છે તે તદ્દન મિથ્યાભાવ છે, તેથી ભગવાને પર વસ્તુની એકત્વબુદ્ધિને છોડાવી છે તો અમે સંતો એમ માનીયે છીએ કે દયા–દાન–વ્રતાદિ પરના આશ્રયરૂપ બીજો જેટલો વ્યવહાર છે તે બધોય ભગવાને છોડાવ્યો છે. ૫૮.

* નિશ્ચય–અમૃતકુંભનો અનુભવ થયો છે તેના વ્યવહાર–પ્રતિક્રમણાદિને વ્યવહારથી અમૃતકુંભ કહેવાય છે. પણ અજ્ઞાનીનો શુભરાગ તો એકલો ઝેર છે, અજ્ઞાની ગમે તેટલા મહાવ્રત આદિ પાળે પણ તે ઝેર છે,

ચારગતિમાં રખડવાનું કારણ છે. મિથ્યાત્વનું મહાપાપ પડ્યું છે
મહાવ્રત આદિ પાળે પણ તે ઝેરનો ઘડો છે. સમ્યગ્દર્શન વિના વ્યવહા
પ્રતિક્રમણ આદિ સર્વ અપરાધ જ છે, તેથી શુભાશુભથી રહિત ત્રી
ભૂમિકા તે જ વાસ્તવિક અમૃતકુંભ છે. ૫૯.

* વિકારનું સ્વામીપણું તે બંધનું કારણ છે અને સ્વદ્રવ્યનો આશ્ર
તે મુક્તિનું કારણ છે. પરદ્રવ્ય તરફ જેટલું લક્ષ જાય છે તેટલો બ
થાય છે. શરીર-મન-વાણી અજીવ તત્ત્વથી અને પુણ્ય-પાપથી ભિન્ન નિ
આત્માનો આશ્રય કરતાં જે દશા થાય તે ધર્મ અને મોક્ષનું કારણ થ
છે તથા તેને છોડી જેટલો પરદ્રવ્યનો આશ્રય થાય છે તે અધર્મ દ
છે અને તે બંધનું કારણ છે. ૬૦.

* આનંદનો નાથ પ્રભુ નિજ પરમાત્મદ્રવ્યથી નિશ્ચય-મોક્ષમાર્ગ
પર્યાય કથંચિત્ ભિન્ન છે, કેમ કે ત્રિકાળી તત્ત્વ કાયમી ટકતું તત્ત્વ
ને આ એક સમયની પર્યાય ક્ષણિક છે. મોક્ષમાર્ગની પર્યાય છે તે ક્ષણિ
સંપદા છે પણ જ્યાં પૂરી સંપદા પડી છે એવા નિત્યાનંદ પ્રભુ શુદ્ધાત્
દ્રવ્યથી મોક્ષની પર્યાય-આનંદના લાભની પર્યાય કથંચિત્ ભિન્ન
મોક્ષમાર્ગની પર્યાયથી મોક્ષ-પર્યાય મળે તેમ કહેવું તે વ્યવહાર છે. મોક્ષ
પર્યાય સ્વતંત્રપણે પોતે પોતાથી પોતાને પ્રાપ્ત કરે છે, મોક્ષમાર્ગ
કારણે મોક્ષની પર્યાય થાય તેમ કહેવું તે વ્યવહાર છે. મોક્ષમાર્ગની
પર્યાય પણ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. ૬૧.

* શુદ્ધોપયોગ—આનંદની દશાનું વેદન તે પણ કોઈ અપેક્ષા
એટલે કે તે ત્રિકાળ ટકતું નથી એ અપેક્ષાએ શુદ્ધ પારિણામિકભાવ
ભિન્ન છે. સંવર અધિકારમાં કહ્યું છે કે પુણ્ય-પાપના ભાવ એટલે
વ્યવહારરત્નત્રયનો જેટલો ભાવ છે તે આત્મામાં ક્ષેત્રથી ભિન્ન છે, ભ
તો ભિન્ન છે પણ એના પ્રદેશો પણ ભિન્ન છે, કેમ કે પ્રભુ આનંદનું દ
છે, તેમાંથી વિકાર ઉત્પન્ન થતો નથી તેથી તેનું ક્ષેત્ર ત્રિકાળીના ક્ષેત્ર
ભિન્ન છે. અસંખ્યપ્રદેશી પ્રભુમાં જે દયા-દાનના વિકલ્પ ઊઠે છે
સ્વભાવથી તો ભિન્ન છે, પણ તે ક્ષેત્રથીયે ભિન્ન છે. ચિદ્વિલાસમાં
એમ કહ્યું છે કે પર્યાય પર્યાયને લઈને છે, દ્રવ્યને લઈને નહીં. મોક્ષ

માર્ગ છે તે પર્યાય છે. તે પર્યાયનો કર્તા પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું દાન દીધું તે પર્યાય, પર્યાયમાંથી પર્યાય થઈ ને પર્યાયના આધારે પર્યાય થઈ, દ્રવ્યના કારણે પર્યાય થઈ નથી. ૬૨.

* વીતરાગસ્વરૂપ ભગવાન છે. તેની પ્રતીતિ તે નિશ્ચય સમકિત છે. તે પ્રતીતિને પણ પરમાત્માની અપેક્ષા નથી. પર્યાય માત્ર સ્વતંત્ર છે. એક એક પર્યાય સત્ છે, સત્ છે તેને પરનો હેતુ હોય નહીં, સત્ અહેતુક હોય. તેથી નિર્મળ પર્યાયને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. આવું નક્કી કરનારની દૃષ્ટિ જશે ક્યાં?—કે ભૂતાર્થ દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ જશે, તેથી ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે તેમ કહ્યું છે. ૬૩.

* વ્યવહારરત્નત્રય એ સુખ નથી, દુઃખ છે, તેમાં તું કેમ રહીશ? જેને સુખના સાગરની દૃષ્ટિ થઈ છે તે દુઃખમાં કેમ રહેશે? જેને પ્રભુની દૃષ્ટિ થઈ છે તે રાગની પામરતા સાથે કેમ વસે? પ્રભુ પામરતામાં કેમ રહે? પ્રભુત્વ નામની જેનામાં શક્તિ છે એવો પ્રભુ રાગની પામરતામાં કેમ રહે? પ્રભુ, તું પ્રભુ છો ને! તેની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં પર્યાયમાં પ્રભુતા પ્રગટી, તે હવે રાગની પામરતામાં કેમ રહે?—ન રહે. ૬૪.

* આત્મા છે તે જ્ઞાનસ્વરૂપ છે, ત્યાં જ્ઞાનનું અસ્તિત્વ પોતાને લઈને છે. અસ્તિત્વને લઈને નથી. એક ગુણમાં અનંતાગુણનું રૂપ છે. એક ગુણમાં બીજો ગુણ નથી, એક ગુણ બીજા ગુણને લીધે નથી, પણ એક ગુણમાં અનંતાગુણનું રૂપ છે. એક એક ગુણમાં અનંતાગુણનું રૂપ છે ને એવા અનંતા ગુણવાળો આત્મા છે. ૬૫.

* મોક્ષમાર્ગની પર્યાય શા માટે ભિન્ન છે? કથંચિત્ ભિન્ન કહો છો તેનું કારણ શું?—કે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ તે ભાવરૂપ છે ને મોક્ષમાર્ગની પર્યાય છે તે ભાવનારૂપ છે. મોક્ષમાર્ગની પર્યાય ત્રિકાળી ભાવરૂપ નથી. મોક્ષમાર્ગની પર્યાય છે તે દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કેમ છે?—કે તે ભાવનારૂપ છે, તે વર્તમાન ભાવનારૂપ છે પણ ત્રિકાળી ભાવરૂપ નથી. ત્રિકાળી પારિણામિકને ભાવ કહીએ, પારિણામિક કહીએ, ધ્રુવ કહીએ, સદૃશ કહીએ અને આ પર્યાય છે તે વિસદૃશ છે, કેમ કે ઉત્પન્ન-વ્યયયુક્ત દ્વન્દ્વ છે, મોક્ષનો માર્ગ પણ ઉત્પન્ન-વ્યયયુક્ત

છે. એક સમયે ઉત્પન્ન થાય ને બીજા સમયે વ્યય થાય છે. ભાવરૂપ ત્રિકાળી ભગવાન, તેની સન્મુખ થઈને પ્રગટેલી દશા છે તે ભાવના છે, ત્રિકાળી ભાવરૂપ નથી અને શુદ્ધ પારિણામિકભાવ છે તે ભાવના નથી માટે કથંચિત ભિન્ન છે. ૬૬.

* ભગવાન આત્મા જ્ઞાનમય છે, કેવળ જ્ઞાનમય એટલે કે એક જ્ઞાનમય છે, ત્રિકાળી જ્ઞાનમય છે. તે કેવળજ્ઞાનથી પૂર્ણ છે. લોકાલો જાણે એવો જ એનો સ્વભાવ છે. વર્તમાનમાં પર્યાયમાં કેવળજ્ઞાન ન તેની અહીં વાત નથી. લોકાલોકને જાણે ને આગળ-પાછળની પર્યા ન જાણે એમ ન બને, ત્રણેકાળનું બધું જ જાણે એવો જ એનો સ્વભ છે. જે ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી તેનું કેવળજ્ઞાનમાં જ્ઞાન અ છે. જેમ લોટના પિંડમાંથી રોટલી થશે તે આગળથી જાણી શકાય રોટલી નથી છતાં જાણી શકાય છે, તેમ ભવિષ્યની પર્યાય વર્તમાન નથી છતાં કેવળજ્ઞાનમાં જાણી શકાય એવી કેવળજ્ઞાનની પર્યાયની શ છે અને એવો જ્ઞાનમય આત્મા છે તેને જાણ! લોકાલોકને જાણવા સ્વભાવરૂપ જ્ઞાનમય આત્માને જાણ! ૬૭.

* આત્મા આનંદ સ્વરૂપ છે તેની સન્મુખ થઈને જે શુદ્ધોપયોગ થ તે સાક્ષાત્ અમૃતકુંભ છે અને તે જીવ અંતરમાં સ્થિર ન રહી શકે વ્યવહાર-પ્રતિક્રમણ આદિનો શુભોપયોગ આવે છે તેને વ્યવહારે અમૃતકુ કહ્યો છે અને જેને આત્માની સન્મુખતા પૂર્વકનો શુદ્ધોપયોગ થયો નથી ત્રીજી ભૂમિમાં જે આવ્યો નથી તે જીવ વ્યવહાર-પ્રતિક્રમણ આદિ કરે દ તે દોષને ઘટાડવા સમર્થ નથી. પરંતુ દોષનું કાર્ય કરવા સમર્થ છે તે અજ્ઞાનીના વ્યવહાર-પ્રતિક્રમણ આદિ શુભોપયોગ વિષકુંભ છે. ૬૮.

* સર્વને જાણવું-દેખવું એવો જેનો સ્વભાવ છે એવા પોત આત્માને જ તે દેખતો નથી. કેમ કે બંધ-અવસ્થામાં પોતાના અપરા રાગમાં રોકાઈ ગયો છે. સર્વને જાણનાર એવા પોતાને તું જાણ નથી ને બીજાને જાણવામાં તું રોકાઈ ગયો તે તારો પોતાનો અપરાધ છે. ૬૯.

* ભગવાન આનંદનો નાથ છે તેના પર નજર ન કરતાં શ

જે ઉપર નજર કરીને ત્યાં રોકાય તે દુઃખી છે. શરીર મારું છે એવી મમતા કરે તે દુઃખી છે—તેમ જાણીને જ્ઞાની શરીરનો પ્રેમ છોડે છે. ભગવાન તારે સુખી થવું હોય તો શરીરની મમતા છોડ. ભગવાન કહે છે કે તું નિજ સત્તાએ પૂર્ણ છો. ભગવાન તને કેવો જોવે છે?—કે તારી સત્તા વડે પરિપૂર્ણ દેખે છે. ભગવાન કહે છે કે તું વીતરાગ પરમાનંદ સુખ સ્વરૂપ છો ને શરીર દુઃખરૂપ છે માટે શરીરની મમતા છોડ ને નિજ શુદ્ધાત્માનું સેવન કર. ૭૦.

* પર્યાયમાં જે રાગાદિ થાય છે એ તારા ત્રિકાળી સ્વરૂપમાં નથી ને તારું ત્રિકાળી સ્વરૂપ તેમાં નથી તથા તેનાથી તારું ત્રિકાળી સ્વરૂપ પ્રાપ્ત થતું નથી. તેથી વસ્તુસ્વભાવની પ્રાપ્તિ માટે તે તારા નથી, તે પુદ્‌ગલના છે. પુણ્ય-પાપના ભાવ છે એ તારા અજ્ઞાનભાવે તારી પર્યાયમાં ઉત્પન્ન થયેલાં છે પણ એ દુઃખનાં કારણ છે, તેથી હવે વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ અર્થે તેનાથી વિરમ! હઠ ન કર ને તેનાથી વિરક્ત થા! ૭૧.

* જીવ જેને પોતાના માને તેની ભાવના કરે છે. રાગને પોતાનો માનતા તેની ભાવના કરે છે, તેની વૃદ્ધિ ચાહે છે. આ રીતે રાગને પોતાનો માનનારને આસ્રવની જ ભાવના રહે છે. ભાઈ! રાગની એકતા-બુદ્ધિ ભવના ઊંડા કુવામાં ઉતારશે, તને ભવસિંધુમાં ડૂબાડશે, માટે રાગમાંથી એકતાબુદ્ધિ છોડ. ૭૨.

* રાગમિશ્રિત નિર્ણયથી નિર્વિકલ્પ થતો નથી પરંતુ નિર્વિકલ્પ થતાં પહેલાં વિકલ્પથી કેવો નિર્ણય કરે છે તે કહે છે. પ્રથમ શું કરે?—કે પ્રથમ રાગમિશ્રિત વિચારથી નિર્ણય કરે કે જ્ઞાનસ્વરૂપ આત્મા છું. સર્વજ્ઞદેવે કહેલાં પરમાગમથી નિર્ણય કરે છે કે જ્ઞાન તે હું છું. ગુરુ પાસેથી સાંભળીને નિર્ણય કરે છે કે જ્ઞાન તે હું છું. હજુ સમ્યગ્દર્શન થતું નથી પણ સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે તેવી ધગશવાળો આંગણે ઊભેલો જીવ પ્રથમ એમ નિર્ણય કરે છે કે દયા-દાનના ભાવ વિકાર છે, તે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાનસ્વભાવ આત્મા છું. જાણવાના સ્વભાવવાળો અનાદિ–અનંત છું,—આવો વિકલ્પ તે પણ હું નથી. હું જ્ઞાનસ્વભાવ આત્મા છું. પહેલાં વિકલ્પ દ્વારા આવો નિર્ણય કરે છે. ૭૩.

* બાપુ ! પર તરફના જોડાણથી મરવા ટાણે તને ભીંસ પડી જ
ને પર તરફના જોડાણથી છૂટીને અંતર્મુખ જોડાણથી તને આનંદ થશે
પર તરફના વિકલ્પને છોડી અંતર્મુખ વલણ કર તો તને આત્મા મળશે
એ જ કરવા જેવું છે. પર તરફનું મનનું વલણ તો ભગવાન આત્માથ
વિરુદ્ધ છે, તથા ભોગોની વાંછારૂપ અનેક વિકલ્પજાળમય મન છે. તે
હું તો રાગથી ભિન્ન ભગવાન આત્મા છું—એવી નિજ શુદ્ધાત્મા
ભાવનારૂપી અંકુશ વડે ચંચળમનરૂપી હાથીને વશ કર. ૭૪.

* મુનિરાજ કહે છે કે જે જીવ નરકગતિમાં જઈને સુલટી જ
છે, સમ્યગ્દર્શન પામે છે તેને તે કુગતિ પણ બહુ શ્રેષ્ઠ છે, એટલે કે
પાપ કરીને કુગતિ પામીને દુઃખ પામે અને પછી એકદમ મોક્ષમાર્ગ
લાગી જાય તો તે પાપનું ફળ પણ શ્રેષ્ઠ છે. અને કોઈ અજ્ઞાની દય
દાન-વ્રત-તપાદિ કરીને સ્વર્ગમાં જાય અને ત્યાંથી એકેન્દ્રિય આદિ
ચાલ્યો જાય તો તે દેવપર્યાય પામવી શા કામની? માટે અજ્ઞાની
દેવપદ પામવું વૃથા છે. કોઈ જ્ઞાની સમ્યગ્દર્શન સહિત પુણ્યના ફળ
સ્વર્ગમાં જાય અને ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મુનિ થઈને મો
જાય છે તો તેના સમાન બીજું ઉત્તમ શું હોઈ શકે? અને કોઈ જી
નરકમાંથી નીકળી મનુષ્ય થઈ ચારિત્ર ધારણ કરીને મોક્ષ પામે તો
પણ ઉત્તમ છે. ૭૫.

* નરકની અસહ્ય વેદનામાં પણ અરેરે! આ દુઃખો!—એમ વિચ
ચઢીને તે વેદનાનું લક્ષ છોડીને કોઈ જીવ કોઈ સમયે ધર્મસન્મુખ થ
જાય છે. નરકની એ પીડાની તો શું વાત! પારો જેમ ઢોળાય જાય ત્ય
નાના કણરૂપ થઈ જાય ને પાછો ભેગો થઈ જાય તેમ નરકના દુઃખો
શરીરના નાના નાના ટુકડા થઈ જાય ને પાછું ભેગું થઈ જાય એ
મહા પીડા જીવ અનંતવાર સહન કરી ચૂકયો છે. છતાં અહીંયા આવે
મનુષ્ય થાય ત્યાં બધું ભૂલી જાય ને આવી અનુકૂળતા વિના મારે
ચાલે, આ જોવે ને તે જોવે—તેમાં ને તેમાં ભવ હારી જાય છે, પણ એ
આત્માની દરકાર કયાં છે? ૭૬.

* ભગવાન આત્મા તો શાંત, અકષાય, વીતરાગ સ્વભાવ છે તેમાં ઠ

એ સિવાય ૮૪ લાખ યોનિના ફેરાનો ક્યાંય અંત આવે તેમ નથી. જેણે આવા મોક્ષના સાધનને કર્યું નથી તે સંસારમાં રખડશે. અહીં મોટો કરોડપતિ હોય ને મરીને ભૂંડણીના પેટે અવતરે! આવી સંસારની સ્થિતિ છે! આત્મધ્યાન વિના તેમાંથી છૂટી શકાશે નહીં, માટે મોક્ષસુખનો ઉપાય જે આત્મધ્યાન તેમાં ઠર. શ્રીગુરુ આજ્ઞા કરે છે કે વત્સ! વીતરાગી નિર્વિકલ્પ સમાધિમાં ઠરીને નિજ શુદ્ધાત્માને ધ્યાવ. સર્વજ્ઞ પરમાત્માની આ આજ્ઞા છે. ૭૭.

* પૈસા, પુત્ર આદિ મારા છે એમ જે માને છે તે બધા મોહિત છે, પાગલ છે. પ્રભુ! એ પર વસ્તુ છે, જગતની ધૂડ–રજકણ છે; તથા મારું શરીર નિરોગી છે, મારી સ્ત્રી સારી છે ઇત્યાદિ બધી મૂર્ખાઈ છે, મૂર્ખાઈની જાહેરાત છે. અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે કે પરની એકત્વબુદ્ધિ છોડ. ભગવાને પરની એકત્વબુદ્ધિ છોડાવી છે ત્યારે અમને–સંતોને તો એમ લાગે છે કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર ભગવાને છોડાવ્યો છે. ૭૮

* હે જીવ! સ્ત્રી-પુત્ર આદિના કારણે તું જે હિંસા આદિ પાપ કરે છે તેનું ફળ તારે એકલાએ જ ભોગવવું પડશે, દુઃખફળ ભોગવવા સ્ત્રી-પુત્ર કે સગા-સંબંધી સાથે નહીં આવે. સ્ત્રી-પુત્ર, સગા-સંબંધી આદિના મમત્વથી તું હિંસા, જૂઠ આદિ અનેક પ્રકારના પાપ કરે છે તથા અંતરમાં રાગાદિ વિકલ્પ વડે રાગાદિ વિકલ્પ રહિત શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્માની હિંસા કરે છે, પરંતુ તેના ફળમાં દુઃખ ભોગવવા ટાણે સ્ત્રી-પુત્ર આદિ તારા દુઃખમાં ભાગ પડાવવા નહીં આવે, તારે એકલાએ નરક-નિગોદ આદિના અનેક દુઃખો ભોગવવા પડશે. જેના કારણે તું પાપ કરી રહ્યો છે તેઓ તારા દુઃખ ભોગવવા તો સાથે નહીં આવે પણ તારા દુઃખ જોવા પણ સાથે નહીં આવે. ૭૯.

* ઘર-પરિવારની ચિંતા કરી કરીને તું ભવવનમાં ભ્રમણ કરતો આવ્યો છે માટે હવે પરદ્રવ્યની ઇચ્છાને રોકીને પરમાનંદરૂપ પરમાત્મ-સ્વરૂપમાં ધ્યાન લગાવીને પરદ્રવ્યનું મમત્વ છોડ. વીતરાગ પરમાનંદરૂપ પરમાત્મા તે તારું નિજઘર છે, તેમાં ઠરવું તે કહેવાનું તાત્પર્ય છે.

સઘળા શાસ્ત્રનો સાર આ છે કે જે ઘરમાં વીતરાગતા ભરી છે એ તારા નિજઘરનો આશ્રય લે, કેમ કે તેમ કરવાથી તારી પર્યાય વીતરાગતા પ્રગટ થશે. માટે કેવળ એક નિજ સ્વરૂપનો આશ્રય કર ભાવના કરવી, તે એક જ કર્તવ્ય છે, તે સિવાય અન્ય કાંઈ પણ કર યોગ્ય નથી. ૮૦.

* ભગવાન એકવાર સાંભળ! તું આ સ્ત્રી-પુરુષ આદિ બધા ભે ભૂલી જા ને અનાદિથી જેને ભૂલી ગયો છે એવા જ્ઞાન-દર્શન સ્વરૂપ દૃષ્ટિ કર. અનાદિથી તું તને ભૂલી ગયો હોવાથી રાગાદિ અશુદ્ધ ઉપયોગ કર્મને બાંધે છે. તેથી અશુદ્ધોપયોગ અનાદિનો છે, તેનું નિમિત્ત ક અનાદિનું છે અને જેને અનાદિથી ભૂલી ગયો છે એવી ત્રિકાળી એકરૂ વસ્તુ પણ અનાદિની છે. ભાઈ! આ મનુષ્યપણું મળ્યું છે, ભવ અભાવના આ ટાણા આવ્યા છે, દુનિયાના માન ને આબરૂમાં આ ભ હાલ્યો જાય એ તને કેમ પોષાય છે? જાગ રે જાગ બાપુ, હવે તે જાગ! ૮૧.

* શરીર-મન-વાણીની પ્રીતિ તે તેનું સેવન છે. હવે તું તેનું સેવ છોડીને શુદ્ધાત્માનું સેવન કર, પ્રીતિ કર, તેમાં એકાગ્ર થા, તને પર સુખ થશે. તું ભગવાન છો! પામરતાનું પડખું ફેરવી નાખ! શરી મારું, સ્ત્રી મારી, પુત્ર-પૈસા મારા એમ તું શરીરના પડખે સૂતો છે પ ત્યાં કષાય સળગી રહ્યો છે તેથી ત્યાંથી પડખું ફેરવીને શુદ્ધાત્મ પરમાત્ સ્વરૂપને પડખે આવે, તને પરમ શાંતિ અનુભવાશે. ૮૨.

* અજ્ઞાની જીવોને બંધનમાં નાખવા યમરાજાએ સ્ત્રી અને ગૃહવાસ રૂપી મજબૂત જેલ રચી છે. સ્ત્રી એ ઘરનું મૂળ છે. સ્ત્રી બંધનું કારણ નથી પણ સ્ત્રી પ્રત્યેનો મોહ છે તે બંધનું કારણ છે. બીજી રીતે રાગની પરિણતિ તે સ્ત્રીનું ઘર છે—ગૃહવાસ છે. બાપુ! જગતની પ્રત્યેક ચીજન મોહ તે મહાપાપ છે. રાગવાળો પોતાને માનવો તે જૂઠું છે, તો સ્ત્રીવાળો પોતાને માનવો મહાજૂઠું છે. રાગની સાથે રમત કરવી તે વ્યભિચાર છે, રાગને પોતાનો માનવો તે વ્યભિચાર છે તો સ્ત્રી એ તો પર પદાર્થ છે, તેના મોહમાં ફસાય તે ફાંસામાં ફસાયો છે. ૮૩.

* ભગવાન! આ શરીર ભોગ માટે નથી, યોગ માટે છે, અંતરમાં એકાગ્રતા કરવા માટે છે. આ ક્ષણભંગુર નાશવાન શરીરના નિમિત્તે સાદી અનંત સ્થિર અવિનાશી એવા મોક્ષપદની સાધના કર. આ શરીર મલિન છે તેના નિમિત્તે નિર્મળ વીતરાગીપદની સિદ્ધિ કર. આ શરીર જ્ઞાનાદિ ગુણ રહિત નિર્ગુણ છે, તેના નિમિત્તે જ્ઞાનાદિ ગુણની સિદ્ધિ કરી લેવા જેવું છે. તેથી મુનિરાજ કહે છે કે અનિત્યને નિત્યનું સાધન કર. મલિનને પવિત્રનું સાધન કર. ૮૪.

* જે કુટુંબીઓ માટે તું હોંશે હોંશે કાળ ગુમાવી રહ્યો છે, જે કુટુંબીઓને સગવડતા આપવા તું પૈસાદિમાં કાળ ગુમાવી રહ્યો છે તે જ કુટુંબીઓ તારા મરણ પછી શરીરને મકાનના બારસાખ સાથે અડવા પણ દેતા નથી, તો તું પર માટે આ ભવ કેમ વ્યર્થ ગુમાવી રહ્યો છે? અરે! તારે ક્યાં જવું છે? જેમ કોઈ મુસાફર ચાલ્યો જતો હોય અને રસ્તામાં જે કાંઈ આવે તેને મારું માની લે, તેમ તું મુસાફર છો અને આ સ્ત્રી-પુત્ર મારા, શરીર મારું એમ મારું મારું માની રહ્યો છે, પણ પ્રભુ! તારે અહીંથી ચાલી નીકળવાનું છે ને બાપુ! આ પરને મારા મારા શાં કહે છો? ૮૫.

* ખરે ટાણે સમાધાન રાખવા જેવું છે, કયે ક્ષણે દેહ છૂટશે!— એનો ભરોસો કરવા જેવો નથી. દેહ ક્ષણભંગુર છે, નાશવાન છે. ચામડાંથી વીંટેલો હાડકાનો માળો ક્ષણમાં રાખ થઈને ઊડી જશે. અરે! આખું ઘર એકસાથે નાશ થઈ જાય છે તેવા દાખલા સાંભળ્યા છે. એ ક્યાં અવિનાશી ચીજ છે! સહજાત્મસ્વરૂપ આત્મા એ જ અવિનાશી છે, જગત આખું અનાદિથી અશરણરૂપ છે, ભગવાન આત્મા એ જ શરણરૂપ છે. ૮૬.

* ભાઈ! શક્તિ તરીકે તું પરમાત્મા છો, નાળિયેરમાં જેમ ટોપરાનો ધોળો ગોટો, નાળિયેરના છાલા, કાચલી તથા રતાશથી ભિન્ન છે તેમ ભગવાન આત્મા શરીરથી જુદો. કર્મથી જુદો ને પુણ્ય-પાપની લાગણીથી જુદો શુદ્ધ અને આનંદનો ગોટો છે, તેને ઓળખવો તે ધર્મ છે. બાપુ, આવું મનુષ્યપણું મળવું મુશ્કેલ છે, જિંદગી ચાલી જાય છે, ભ્રમણામાં

રહી જઇશ તો પછી ક્યારે આવો અવસર પામીશ? માટે ચેત, ભ
ચેત. ૮૭.

* હું ચેતન સર્વસ્વ છું એમાં પરનું જ્ઞેયપણું આવતું નથી. શાસ્
જ્ઞેય છે ને તેનાથી જ્ઞાન થયું એમ તો નથી પણ શાસ્ત્ર જ્ઞેય છે ને
તેનો જાણનાર છું એમ પણ નથી. પરના જ્ઞાનમાત્ર એ જ્ઞેય હું ન
છદ્રવ્યનું જ્ઞાન થયું એ છ-દ્રવ્યના કારણે થયું નથી, પોતાના જ જ્ઞાન
જ્ઞાનની પર્યાય થઈ છે. સ્વ-પરપ્રકાશક પર્યાય ઉત્પન્ન થઈ તે પર્યાય
જ્ઞેય છે. ૮૮.

* જો તારે આત્મા જ પ્રાપ્ત કરવો હોય તો હે જીવ! હવે વિરક
થા, હઠ ન કર, નકામા બીજા વિકલ્પોથી તને શું લાભ? ભગવંત
દુઃખથી મુક્ત થવા મિથ્યાત્વ રાગાદિ અકાર્યથી–નકામા કાર્યથી વિરક
થા, એ કોલાહલ છોડી દે. ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે, તે
પામવા માટે રાગાદિથી વિરક્ત થા, કેમ કે એ નકામા કાર્ય છે,
તારું કાર્ય નથી. તેથી જૂઠા વિકલ્પો કે જે ભગવાન આત્માને પામવા
વિરોધ કરનારા છે એવા જૂઠા વિકલ્પોની જાળથી બસ થા! કેમ કે એ
જૂઠા વિકલ્પોથી તને શું? નકામા વિકલ્પો એટલે?—કે એ તારું કા
નથી, એ તો પુદ્ગલનું કાર્ય છે, પુદ્ગલથી થયેલાં એ ભાવો પુદ્ગલ
ભગવાનના એ ભાવો નથી, કેમ કે ભગવાન આત્મા આનંદ ને જ્ઞા
સ્વરૂપે બિરાજમાન છે, એ રાગાદિ ભાવો તેનું સ્વરૂપ નથી. પર્યાય
એ ભાવો છે પણ ત્યાં તને રાખવો નથી તેથી તારા નથી એમ કહી ત
સ્વરૂપમાં લઈ જવાનું પ્રયોજન છે, માટે તેને પુદ્ગલનાં કહ્યાં છે. ૮૯

* જેણે ચારગતિના દુઃખથી છૂટવું હોય, જેને ચારગતિના દુઃખ
ડર લાગે, જેને પરિભ્રમણથી છૂટવું હોય તેને જિનેશ્વરદેવ કહે છે કે શુ
ચેતનામાત્ર જીવવસ્તુનો અનુભવ કરો. જાનન-દેખન સ્વભાવી ચેતનાસ્વરૂ
તું છો—જેમાં પુણ્ય-પાપ આદિ નથી—તેનો અનુભવ કરો. સુખી થ
હોય, ધર્મ કરવો હોય તો પુણ્ય–પાપના રાગથી ભિન્ન પ્રત્યક્ષ જ્યોતિ
માત્ર વસ્તુનો અનુભવ કરો, જેનાથી તમને સમ્યગ્દર્શન થશે
સમ્યગ્દર્શનથી જન્મ–મરણનો અંત આવશે. ૯૦.

* ચૈતન્ય ચમત્કારિક ચીજ છે. ચૈતન્યદ્રવ્યમાંથી અનંત અનંત કાળથી પર્યાય ઉત્પન્ન થવા છતાં ચૈતન્યદ્રવ્યમાં કિંચિત્‌માત્ર પણ ઉણપ કે હિણપ થતી નથી. નિગોદની અવસ્થામાં ઘણો જ અલ્પ વિકાસ રહેવાથી ચૈતન્યદ્રવ્યમાં કિંચિત્‌માત્ર પણ વૃદ્ધિ થતી નથી. નિગોદની પર્યાય કરતાં નવ-પૂર્વ તથા અગિયાર-અંગના ઉઘાડની પર્યાય અનંતગણી છે અને તેના કરતાં પણ અનંતગણી કેવળજ્ઞાનની પર્યાય છે કે જે અનંતાનંત પદાર્થોને અનંતકાળ સુધી જાણે—એવડી મોટી પર્યાય થઈ છતાં ચૈતન્ય-દ્રવ્યમાં કિંચિત્‌માત્ર પણ ઘટાડો કે ઉણપ થાય છે એમ નથી; દ્રવ્ય ને ગુણ તો સદાય એવા ને એવા જ પરિપૂર્ણ રહે એવો ચૈતન્યજાદુગર છે, તેની શક્તિઓ ચમત્કારિક છે, ચૈતન્યનો ચમત્કાર આશ્ચર્યકારી જાદુગરી જેવો છે. ચૈતન્યના ચમત્કારનો મહિમા અપરંપાર છે. એવા ચમત્કારી ચૈતન્ય પ્રભુની પ્રતીતિ કરવી એ આ દુર્લભ માનવભવમાં એકમાત્ર કર્તવ્ય છે. ૯૧.

## સુવર્ણપુરી સમાચાર :—

* ધાર્મિક શિક્ષણવર્ગ :—નાતાલની રજાઓમાં તા. ૨૪-૧૨-૯૨ થી તા. ૨-૧-૯૩—દસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણાર્થીઓ માટે રહેવા-જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્ય-સમાધિનાં ૧૨ માં વાર્ષિક દિન નિમિત્તે યોજવામાં આવેલ પાંચદિવસીય ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા બહારગામથી મહેમાનો આવી રહ્યા છે.

* મુંબઈનિવાસી રમીલાબેન ઇન્દ્રવદનભાઈ શાહ ( ઝવેરી ) તરફથી ક્ષમાવણી-દિને તેમ જ રાજકોટનિવાસી સ્વ. પ્રભુલાલ મોહનલાલ ધીયા તરફથી દીપાવલી અને નૂતનવર્ષ નિમિત્તે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રીના પ્રવચનોની કેસેટમાં સ્પેશ્યલ ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

## વૈરાગ્ય સમાચાર :—

* મુંબઈનિવાસી સ્વ. ખુશાલચંદ સવજી દોશીના ધર્મપત્ની નિર્મળાબેન દો
તા. ૧૮-૪-૯૨ના સ્વર્ગવાસ પામ્યા છે.

* વિંછીયાનિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી સવાઈલાલ હરીલાલ ઘોળકીય
ધર્મપત્ની શારદાબેન (વર્ષ-૬૦) તા. ૩૧-૮-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જોરાવરનગરનિવાસી (હાલ-બોરીવલી) શ્રી કાંતાબેન જયંતિલાલ સં
(શ્રી મહેન્દ્રભાઈ ખંધારના સાસુ) સ્વર્ગવાસ પામ્યા છે.

* દિલ્હીનિવાસી (હાલ-મુંબઈ) શ્રી લાભુબેન જગજીવનદાસ જૈન (વર્ષ-૭
(પૂ. શાંતાબેન તથા શ્રી મુકુંદભાઈ ખારાના બેન) તા. ૬-૧૦-૯૨ના રોજ સ્વર્ગ
પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી મુકેશભાઈ મનસુખલાલ છોટાલાલ ઝોબાળીયા (વર્ષ-૪
તા. ૨૪-૧૦-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી (હાલ-અમદાવાદ) સ્વ. હરજીવનદાસ ગીરધરલાલ શાહના ધ
પત્ની (વર્ષ-૭૮) તા. ૨૮-૧૦-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દિલ્હીનિવાસી શ્રી જીયાલાલજી છોટેલાલજી જૈન (વર્ષ-૫૫) બસ-એકસી
દ્વારા સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ હમણાં જ સોનગઢ લાભ લેવા આવેલા અને તે
નિવૃત્તિથી સોનગઢ કાયમી રહીને લાભ લેવાની ભાવના હતી.

* ઉજ્જૈનનિવાસી શ્રી પ્રકાશચંદજી કુલચંદજી ઝાંઝરીના ધર્મપત્ની (વર્ષ-૪૨ લગભ
ઇલેક્ટ્રીક શોક લાગવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી મોરબીવાળા હેમકુંવરબેન કાનજીભાઈ (વર્ષ-૮૨) તા. ૬-૧૧-
ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વર્ષોથી સોનગઢ સ્થાયી રહીને ઘણો જ લ
લીધો હતો, જાગૃત્તિ પૂર્વક દેહ છોડ્યો હતો.

—સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના સાન્નિધ્યમાં આત્મોન્નતિ પા
એ જ ભાવના

—*—

* શ્રી સમયસારાદિ પરમાગમના પ્રણેતા પરમ પૂજ્ય ઋષીશ્વર શ્રીમદ્ ભગ
કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણદિન' માગશર વદ આઠમ ગુરુવાર તા. ૧૯-૧૨-૯
રોજ વિશેષ પૂજાભક્તિ તથા જ્ઞાનોપાસના પૂર્વક ઉજવવામાં આવશે.

## 卐 આગમ-મહાસાગરનાં અણુમૂલાં રત્નો 卐

* હે જીવ ! જે પાપનો ઉદય જીવોને દુઃખ આપીને, શીઘ્ર મોક્ષ જવાને યોગ્ય ઉપાયોમાં બુદ્ધિ કરાવે છે તો તે પાપનો ઉદય પણ ભલો છે એમ જ્ઞાનીઓ કહે છે. ૩૨૮.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૫૭)

* એકાંતે અર્થાત્ નિયમથી સ્વર્ગમાં પણ દેહ દેહીને (-આત્માને) સુખ કરતો નથી; પરંતુ વિષયોના વશે સુખ અથવા દુઃખરૂપ સ્વયં આત્મા થાય છે. ૩૨૯. (શ્રી કુંદકુંદ આચાર્ય, પ્રવચનસાર, ગાથા-૬૬)

* ભક્તિ તો રાગરૂપ છે અને રાગથી બંધ છે માટે તે મોક્ષનું કારણ નથી. રાગનો ઉદય આવતાં જો ભક્તિ ન કરે તો પાપાનુરાગ થાય એટલા માટે અશુભરાગ છોડવા અર્થે જ્ઞાની ભક્તિમાં પ્રવર્તે છે વા મોક્ષમાર્ગમાં બાહ્યનિમિત્તમાત્ર પણ જાણે છે, પરંતુ ત્યાં જ ઉપાદેયપણું માની સંતુષ્ટ થતો નથી, પણ શુદ્ધોપયોગનો ઉદ્યમી રહે છે. ૩૩૦.

(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર-૭, પાનું-૨૨૯)

* પ્રભો ! જે માણસો ભયંકર જલોદર વિગેરે દર્દના ભારથી દુઃખી થઈ ગયા છે, અને જેમની સ્થિતિ અત્યંત શોચનીય થઈ ગઈ છે અથવા જેઓ પોતાના જીવનથી સર્વથા નિરાશ થઈ ગયા છે એવા મનુષ્યો પણ આપનાં ચરણકમળની રજ-ધૂલ પણ પોતાના શરીર પર લગાડવાથી કામદેવ જેવા સુંદર થઈ જાય છે. ૩૩૧.

(શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક-૪૫)

* જે ગૃહસ્થાવસ્થામાં જિનેન્દ્ર ભગવાનનાં ચરણકમળની પૂજા કરવામાં આવતી નથી તથા ભક્તિપૂર્વક સંયમીજનોને દાન આપવામાં આવતું નથી તે ગૃહસ્થ-અવસ્થાને અગાધ જળમાં પ્રવેશીને શું શીઘ્ર ડુબાડી ન દેવી જોઈએ ? અર્થાત્ અવશ્ય ડુબાડી દેવી જોઈએ. ૩૩૨.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, દાન અધિકાર, શ્લોક-૨૪)

## 卐 અલ્પકાળમાં અવશ્ય તારો મોક્ષ થશે જ 卐

* અરે જીવ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ! પર્યાયમાં સંસાર છે, વિકાર છે – એ ભૂલી જા ને નિજશક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ ને થશે પણ નહિ. લ્યો, આ મોક્ષ! આવા સ્વભાવની દૃષ્ટિથી આત્મા મુક્ત જ છે. માટે એકવાર બીજું બધુંય લક્ષમાંથી છોડી દે ને આવા ચિદાનંદ સ્વભાવમાં લક્ષને એકાગ્ર કર તો તને મોક્ષની શંકા રહેશે નહિ, અલ્પકાળમાં અવશ્ય મુક્તિ થઈ જશે.

—સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૬/-